## જન્મદિને વધામણી



ધીરૂભાઈ જી ડોડિયા
નગરસેવક, વૉર્ડ નં. ૪
મો. ૯૪૨૭૩ ૦૬૪૪૮



ગીતાબેન બી શાહ
મો. ૯૮૨૪૪ ૨૨૫૧૫



દિપકકુમાર કે નાયી
શ્રીજી હેર એન્ડ કેર
મો. ૯૯૧૩૮ ૮૨૭૦૭

# ઉમિયા માતાજી સંસ્થાન ખાતે ૧૯મીએ સ્વાસ્થ્ય સૅમિનાર

ગાંધીનગર, તા. ૧૦

ગાયત્રી પરિવાર, ગાંધીનગર અને શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, સૅક્ટર-૧૨, ગાંધીનગર દ્વારા સ્વાસ્થ્ય અંગેના સૅમિનારનું આયોજન આગામી તા. ૧૯ માર્ચના રોજ કરવામાં આવ્યું છે.

આ અંગેની એક અખબારી યાદીમાં ગાયત્રી પરિવાર દ્વારા જણાવવામાં આવ્યું છે કે શ્રી ઉમિયા માતાજી સંસ્થા, સૅક્ટર-૧૨ ખાતે ૧૯ માર્ચના રોજ સાંજે પથી ૮.૩૦ દરમિયાન આ સૅમિનાર યોજવામાં આવ્યો છે, જેમાં ડાયાબિટીસ, દમ, બ્લડ પ્રેશર, ચામડીના રોગો, સાંધાના દુખાવા, હાર્ટ બ્લૉકેજ, ટીબી, કૅન્સર જેવા રોગોથી છૂટકારા માટે દવા વગરની નવી ભોજનપ્રથા અંગે વિગતે વાત કરવામાં આવશે. વક્તા તરીકે બી વી ચૌહાણ ઉપસ્થિત રહેશે, જેમણે છેલ્લાં ૨૪ વર્ષથી રામચરિત માનસના સિદ્ધાંતોને પોતાનાં જીવનમાં ઉતારી આ પ્રકારના સફળ પ્રયોગો કર્યા છે. સૅમિનાર માટે પ્રવેશ વિનામૂલ્યે આપવામાં આવશે, પરંતુ તે માટે રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. રજિસ્ટ્રેશન માટે મોબાઈલ નંબર ૯૭૨૫૮ ૩૯૪૩૯, ૯૯૦૪૦ ૩૬૨૭૩, ફોન નંબર ૨૩૨૪૫૩૦૦ અથવા ૨૩૨૪૨૦૧૫નો સંપર્ક સાધી શકાય છે એમ આ અખબારી યાદીમાં વધુમાં જણાવવામાં આવ્યું છે.

## જયપ્રકાશ વિદ્યાલયના વિદ્યાર્થીઓ વિધાનસભાની મુલાકાતે



સૅક્ટર-૨૬ ખાતે કાર્યરત શ્રી જયપ્રકાશ વિદ્યાલયના ધોરણ-૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ, શિક્ષકોએ ગુજરાત વિધાનસભાની મુલાકાત લઈને વિધાનસભા ગૃહની કાર્યવાહી નિહાળી હતી. આચાર્ય રાકેશભાઈના માર્ગદર્શન હેઠળ સામાજિક વિજ્ઞાન શિક્ષક અજિતસિંહ સોલંકીએ આ ઉપક્રમનું આયોજન, સંચાલન કર્યું હતું. વિનુભાઈ પ્રજાપતિ દ્વારા આ માટે વાહનની સેવા પૂરી પાડવામાં આવી હતી.

**ડાયરેક્ટ ❤ સે**

જ્યાં શબ્દ
લાચાર થઈ જાય
ત્યાં મૌન સંવાદ છે

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

\- સંપાદક





સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૩, ગાંધીનગર ખાતે છેલ્લાં પંદર દિવસથી દર શનિવારે ધોરણ-૧થી ૭નાં તમામ બાળકોને નિફ્ટ દ્વારા જુદી-જુદી પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. ફૂટબોલ, વોલીબોલ, કથ્થક નૃત્ય, વાર્તાની સમજ, કાપડ પેઈન્ટિંગ, બાળગીત, અભિનય ગીત વગેરેની તાલીમ બાળકોને આપવામાં આવી રહી છે. બાળકો ઉપરાંત શિક્ષકો પણ આ પ્રવૃત્તિમાં રસપૂર્વક ભાગ લે છે.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

# લલિતકલા ઍકેડેમીનો વાર્ષિકોત્સવ

ગાંધીનગર, તા. ૧૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી ગાંધીનગર સંચાલિત આર. એન. લલિતકલા એકેડેમીના વાર્ષિક ઉત્સવ 'સાધના-૨૦૧૭'નું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સંસ્થાના શેઠશ્રી ખેમજી વિશારમ એન્ડ સંન્સ સંસ્કાર ભવન ખાતે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના સ્પેશીયલ ગેસ્ટ જયરાજસિંહ સરવૈયા નિવૃત ચીફ કોચ ગુજરાત સ્ટેટ અને ડેપ્યુટી ડાયરેક્ટર સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત સોમભાઈ સી. પટેલ કેમ્પસ ડાયરેક્ટર કડી સર્વ વિશ્વ વિદ્યાલય અને ગેસ્ટ ઓફ ઓનર મિલી સિંગ, પ્રિન્સિપાલ એસ.જી ઈગ્લીશ મીડીયમ સ્કૂલ ઉપસ્થિત રહ્યાં હતાં. ભગિની સંસ્થાના આચાર્યોએ ઉપસ્થિત રહી તાલીમર્થી વિદ્યાર્થીઓને સર્ટીફીકેટસ આપી તેમના ઉત્સાહમાં વધારો કર્યો હતો. સમગ્ર કાર્યક્રમ સંસ્થાનાં સંચાલિકા દિનાબેન ડોડીયા તથા વિવિધ કલાના પ્રશિક્ષકો, કોચ દ્વારા તાલીમ પ્રાપ્ત કરેલા તાલીમાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. રોશની બ્રહ્મભટ્ટ (કથક), શકુંતલા ઓઝા, દિવ્યા પંડ્યા (ભરતનાટ્યમ), સૌરભ પટેલ (શાસ્ત્રીય ગાયન), સંદીપ સોલંકી, આશિષ વસાવા (વેસ્ટર્ન ડાન્સ), પારૂલ ઉપાધ્યાય (બ્યુટી પાર્લર, ફૅશન શો), વસીમ મનસુરી (સ્કેટિંગ), સેલ્વાકુમાર (કરાટે) દ્વારા તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી હતી. કાર્યક્રમ બપોરના ૨:૩૦ થી ૫:૩૦ સુધી ચાલ્યો હતો.

કથક ભરતનાટયમ કરાટે વેસ્ટન ડાન્સ, ફોક ડાન્સ, બેબી ડાન્સ, શાસ્ત્રીય ગાયન વાદન સહિત ૧૭ જેટલી કૃતિઓની રજુઆત કરવામાં કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવી હતી. આમંત્રિતો, મેહમાનો, મહાનુભાવો વિવિધ ક્ષેત્રના પ્રતિનિધિઓ વાલીઓ તથા બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યકર્મનું સંચાલન અને આભાર વિધી અનિતા વસીતા દ્વારા કરવામાં આવી હતી.

### ઓમ લૅન્ડમાર્ક સ્કૂલ, મોટા ચિલોડા ખાતે

# ધોરણ-૧૨, ૧૦ના વિદ્યાર્થીઓનો વિદાય તથા શુભેચ્છા કાર્યક્રમ





ગાંધીનગર, તા. ૧૦

ઓમ લૅન્ડમાર્ક સ્કૂલ, મોટા ચિલોડા ખાતે બુધવારે ધોરણ-૧૨ અને ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે વિદાય તથા શુભેચ્છા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાળાના ટ્રસ્ટી ડૉ. અશોક રાવલ, ગુજરાતી માધ્યમના પ્રિન્સિપાલ પરેશ ગઢવી, અંગ્રેજી માધ્યમના પ્રિન્સિપાલ સુનીલ કેશરી, સાયન્સ કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. દોષીએ આ પ્રસંગે ઉપસ્થિત રહી તમામ વિદ્યાર્થીઓને આગામી બૉર્ડની પરીક્ષા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. વિદ્યાર્થીઓએ પોતાના અભ્યાસકાળના અનુભવો આ પ્રસંગે વર્ણવ્યા હતા અને અતિથિઓ, શિક્ષકો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

## આંબેડકર હૉલમાં આજે હેમંત મિસ્ત્રીનું નાટક 'રાત રાણી'

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી પ્રસ્તુત લલિત લાડ લિખિત અને હેમંત મિસ્ત્રી દિગ્દર્શિત નાટક 'રાત રાણી' શનિવાર, તારીખ ૧૧મી માર્ચના રોજ રાત્રે ૯ કલાકે ડૉ. આંબેડકર ભવન હૉલ, સૅક્ટર-૧૨ ખાતે ભજવાઈ રહ્યું છે.

દીપેન રાવલ, ઉપાસના ત્રિવેદી, મિતેશ પાંડવ, અમિત પટેલ, ઉષા ભાટિયા, કલ્પેશ દવે, જયેન્દ્ર સોલંકી અને પ્રતીક ભાટિયા અભિનીત આ નાટક નિહાળવા સૌ નાટ્યરસિકોને હેમંત મિસ્ત્રી દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



એસ.જી અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં સી.એમ પટેલ કોલેજ ઓફ નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા વિશ્વ મહિલા દિવસ નિમિતે વિદ્યાર્થીનીઓની સમસ્યા બાબતે કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીનીઓને તેમની સમસ્યા અંગે પી.પી.ટી. દ્વારા તેમજ મૌખિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# શિક્ષણમંત્રી દ્વારા વિશિષ્ટ શિક્ષકોની કદર

## રાજ્યભરના વિશિષ્ટ શિક્ષકોમાં આનંદનું મોજું : શિક્ષણમંત્રી તરફ આભાર-અભિનંદનનો પ્રવાહ

બાયસૅગ દ્વારા ગુરુવારે દિવ્યાંગ વિદ્યાર્થીઓ અંગે સામાજિક જાગરૂકતા ફેલાવતો સુંદર કાર્યક્રમ યોજવામાં આવ્યો.

કાર્યક્રમની બે વિશેષતા રહી : પ્રથમ એ કે બાયસૅગ દ્વારા દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે આ પ્રથમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો અને બીજી વિશેષતા એ કે રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ દિવ્યાંગ બાળકોને શિક્ષણ-તાલીમ માટે રાજ્યનાં તમામ વિશિષ્ટ શિક્ષકોને વંદન કરી તેમના પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી.

આ ઘટનાથી રાજ્યના વિશિષ્ટ શિક્ષકોમાં આનંદ અને ગૌરવનું મોજું ફરી વળ્યું છે. આમ ઘટના બહુ નાની લાગે એવી છે, પણ અહીં એમ નથી. રાજ્યના શિક્ષણ મંત્રી વિશિષ્ટ શિક્ષકોને વંદન કરીને બિરદાવે એટલી જ આ વાત નથી. વાત છે વિશિષ્ટ શિક્ષકોની કદર કરવાની, એમના નિષ્ઠ પ્રયાસો બદલ એમની પીઠ થાબડવાની અને દુનિયા જેમના પ્રતિ શુષ્ક ભાવ રાખે છે એવા દિવ્યાંગજનોના ઉત્થાન અને વિકાસ માટે વર્ષભર પ્રયાસો કરનારા પ્રશિક્ષકોના પ્રયાસોને દુનિયા સામે લાવવાની. આ જરૂરિયાત ઘણા સમયથી પૂર્ણ થઈ નહોતી પરંતુ ગુરુવારે ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ન માત્ર એ જરૂરિયાતને સુપેરે પૂર્ણ કરી બતાવી પરંતુ એ શિક્ષકોને વંદન કરીને એમનાં કાર્યોનું યોગ્ય સન્માન પણ કર્યું.

સમાચાર એ પણ છે કે ભૂપેન્દ્રસિંહ ચુડાસમા માત્ર શિક્ષકોની પીઠ થાબડીને જ બેસી નથી રહ્યા. કાર્યક્રમ પૂર્ણ થયા પછી એમણે સોશિયલ મીડિયા પર પોતાની જે લાગણી વ્યક્ત કરી છે એ પણ શિક્ષકોનાં હૃદય સોંસરવી ઊતરી ગઈ છે ને આજે બધા જ વિશિષ્ટ શિક્ષકો એમના પ્રત્યે આદર ભાવ રાખતા થઈ ગયા છે.

સોશિયલ મીડિયા પર શિક્ષણમંત્રીએ લખ્યું છે : '...દિવ્યાંગ બાળકોને સહાનુભૂતિ અને હૂંફ આપવા માટે સ્વસ્થ વ્યક્તિની જાગરૂકતા, સહાનુભૂતિ, અનુકંપા અને સમજદારી જરૂરી છે. આવા કાર્યક્રમોનું આયોજન કરવા માટે શિક્ષણ વિભાગને અભિનંદન આપું છું. આવું ઈશ્વરીય કામ કરનાર રાજ્યની તામ સ્વૈચ્છિક સંસ્થાઓ અને અમારા સ્પેશિયલ શિક્ષકોને વંદન અને અભિનંદન. ઈશ્વરે આપણને સ્વસ્થ બનાવ્યા છે, તેમનું ઋણ ચૂકવવા માટે આ કામ જ શ્રેષ્ઠ કામ છે...'

આ સન્માન માટે ન માત્ર રાજ્યભરના વિશિષ્ટ શિક્ષકો પરંતુ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા પણ અભિનંદનને પાત્ર છે.

બાયસૅગ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં શિક્ષણમંત્રી ઉપરાંત શિક્ષણ વિભાગનાં અગ્રસચિવ સુનયના તોમર, સ્ટેટ પ્રૉજેક્ટ ડિરેક્ટર જે કે ગઢવી ઉપરાંત ભૂષણ પૂનાની, નિશાબેન ગ્રોવર, યાહ્યા સપાટવાલા, નંદિનીબેન રાવલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાનના રાજ્ય સંયુક્ત નિયામક ડી ઍસ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર




knn786@gmail.com

માધ્યમિક શાળાઓમાં આ કાર્યક્રમ શિક્ષકો, આચાર્યો, વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપરાંત વિશિષ્ટ શિક્ષકોએ પણ નિહાળ્યો હતો.

કાર્યક્રમ આયોજન :

- દિવ્યાંગ વિદ્યાર્થીઓ દ્વારા સંગીતનાં સાધનોનો ઉપયોગ કરી સુંદર પ્રાર્થના રજૂ કરાઈ.
- ડી એસ પટેલ દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરાયું.
- કાર્યક્રમની રૂપરેખા જે કે ગઢવી દ્વારા આપવામાં આવી અને કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું.
- સુનયના તોમરે કાર્યક્રમના ઉદ્દેશ, શિક્ષણ વિભાગની પહેલ બાબતે તથા ઓનલાઈન પોર્ટલ અને આરટીઈ અંતર્ગત આવેલી અરજીઓ વિષે વિસ્તૃત માહિતી આપી. તેમણે શિક્ષણ બોર્ડમાં ખાસ પ્રકારની સમિતિની રચના કરવામાં આવેલી છે તે પણ જણાવ્યું અને ઉપસ્થિત દિવ્યાંગ બાળકોનો આભાર વ્યક્ત કરી તેમને અને અન્ય દિવ્યાંગ બાળકોને બીઍસઍફ કેમ્પ, ગાંધીનગર ખાતે હોળી મહોત્સવ ઉજવવા આમંત્રણ પણ પાઠવ્યું.
- શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા કાર્યક્રમને શુભેચ્છા પાઠવવામાં આવી. તેમના દ્વારા દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે કાર્ય કરતી રાજ્યની તમામ ઍનજીઓ તથા રાજ્યનાં તમામ દિવ્યાંગ બાળકો અને વિશિષ્ટ શિક્ષકોનો વંદન સહ આભાર વ્યક્ત કરી અભિનંદન પાઠવવામાં આવ્યા અને દિવ્યાંગ બાળકોને સમાન હક મળી રહે તેમાટે જરૂરી સૂચનો પણ કરવામાં આવ્યાં.
- વડોદરા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના લૅક્ચરર યાહ્યા સપાટવાલા દ્વારા દિવ્યાંગ વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ અને તેના ઉપાયો તથા આધુનિક યુગમાં સોફ્ટવેર અને મટીરીયલ્સનો વધુમાં વધુ ઉપયોગ કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.





ગાંધીનગરના ફિલ્મ લેખક-દિગ્દર્શક જગદીશ સોની દ્વારા 'ગટુ માય ફ્રેન્ડ' નામે નવી ગુજરાતી ફિલ્મનું નિર્માણ હાથ ધરવામાં આવ્યું છે. દુનિયા જેમને ઠીંગણા કે દોઢ ફૂટિયા એવાં નામોથી ઓળખે છે એવાં લોકો પર આ ફિલ્મ તેઓ તૈયાર કરી રહ્યા છે અને આવા લોકોને તેમણે 'ગટુ' એવું લાડકું નામ આપ્યું છે. ગટુના એક પરિવારની વાત આ ફિલ્મમાં તેઓ કરી રહ્યા છે, જેમાં કૉમેડી ઉપરાંત સામાજિક સંદેશનું પણ સંકલન તેમણે કર્યું છે. ન માત્ર બાળકોને પરંતુ મોટેરાઓનેય મજા પડે તેવી આ ફિલ્મનું શૂટીંગ હાલ ચાલી રહ્યું છે, આગામી ઉનાળુ વૅકેશન દરમિયાન આ ફિલ્મને રિલીઝ કરવાનું તેમનું આયોજન છે.

## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારી યાદગાર સ્કૂલ'**